

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-25 ■ તા. 13-7-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# ભારત પર લાગશે ૫૦૦% ટેરિફ? અમેરિકન પ્રમુખ ટ્રમ્પ કડક કાયદો લાવવાની તૈયારીમાં!



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઘણાં દેશો પર ભારે ટેરિફ (આયાત ડ્યુટી) લાદવાની જાહેરાત કરીને સમગ્ર વિશ્વમાં હલચલ મચાવી દીધી છે. આ દરમિયાન તેમણે હવે સંકેત આપ્યા છે કે, ભારત અને ચીન જેવા દેશો પર ૫૦૦% ટેરિફ લાદવાના પ્રસ્તાવ પર ગંભીરતાથી વિચાર કરી રહ્યા છે જે રશિયા પાસેથી તેલ, ગેસ અથવા યુરેનિયમ જેવા ઉર્જા ઉત્પાદનો ખરીદે છે. આ પગલાનો ઉદ્દેશ્ય રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન પર રશિયાની ઉર્જા આવક બંધ કરીને યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટે દબાણ લાવવાનો છે. આ પ્રસ્તાવિત કાયદો 'સેન્ક્શનિંગ રશિયા એક્ટ ઓફ ૨૦૨૫' એપ્રિલમાં અમેરિકા સેનેટમાં રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામ અને ડેમોક્રેટ સેનેટર રિચાર્ડ બ્લુમેન્થલ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. આ બિલમાં રશિયાના વૈશ્વિક ઉર્જા પુરવઠા પર કડક પ્રતિબંધ, રશિયન કંપનીઓ, સરકારી સંસ્થાઓ અને વરિષ્ઠ અધિકારીઓ પર પ્રતિબંધો અને રશિયા પાસેથી તેલ, ગેસ અથવા યુરેનિયમ ખરીદતા દેશો પર ૫૦૦% ટેરિફ લાદવાની જોગવાઈ છે. અમેરિકાની કેબિનેટ બેઠક દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, 'સંપૂર્ણપણે મારો નિર્ણય હશે. તે (કોંગ્રેસ) બિલ પસાર કરે કે ન કરે, હું તેને લાગુ કરી શકું છું અથવા તેને રોકી શકું છું. અને હું તેના પર ગંભીરતાથી વિચાર કરી રહ્યો છું.' નોંધનીય છે કે, ટ્રમ્પે તાજેતરમાં યુક્રેન યુદ્ધ અંગે પુતિન પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે. યુએસ સેનેટર લિન્ડસે ગ્રેહામે કહ્યું કે, 'સેન્ક્શનિંગ રશિયા એક્ટ ઓફ ૨૦૨૫ રશિયાને આર્થિક રીતે અલગ પાડવા માટે એક સફળતા છે અને ટ્રમ્પે પોતે તેને આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા છે. જો તમે રશિયા પાસેથી ઊર્જા ખરીદી રહ્યા છો અને યુક્રેનને મદદ નથી કરી રહ્યા, તો યુએસમાં તમારા માલ પર ૫૦૦% આયાત ડ્યુટી લાગશે. ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં સેન્ક્શનિંગ રશિયા એક્ટ ઓફ ૨૦૨૫ કાયદો પસાર થાય છે અને ટ્રમ્પ તેને લાગુ કરે છે, તો ભારત, ચીન જેવા દેશો જે રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદે છે તેમને અમેરિકામાં તેમના ઉત્પાદનો પર ૫૦૦% સુધીના ટેરિફનો સામનો કરવો પડી શકે છે. આનાથી ભારત-અમેરિકા વેપાર સંબંધોમાં પણ તણાવ વધી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં ઘણાં દેશો પર ટેરિફની જાહેરાત કરી છે, જેમાંથી સૌથી વધુ ૫૦% બ્રાઝિલ પર લાદવાની જાહેરાત કરવામાં આવી છે. કેનેડા પર પણ ૩૫% ટેરિફની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત ફિલિપાઈન્સ, મોલ્ડોવા, શ્રીલંકા, લિબિયા સહિત સાત દેશો પર પણ નવા ટેરિફની જાહેરાત કરવામાં આવી છે. આ ટેરિફ પહેલી ઓગસ્ટ ૨૦૨૫થી લાગુ થશે.

## એર ઈન્ડિયાનો વધુ એક છબરડો! ભુજમાં ૧૫થી વધુ મુસાફરને રઝળતાં મૂકી ફ્લાઈટ જતી રહ્યાનો દાવો



અમદાવાદમાં ૧૨ જૂને પ્લેન ક્રેશ થયા બાદથી એર ઈન્ડિયા સતત ચર્ચામાં રહ્યું છે. એવામાં હવે ભુજથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. જ્યાં એર ઈન્ડિયાની ડોમેસ્ટિક ફ્લાઈટ ૧૫ જેટલાં મુસાફરોને સમયસર હાજર હોવા છતાં મુકીને જતી રહી. જેનું કારણ ફ્લાઈટમાં જગ્યા ન હોવાનું જણાવવામાં આવ્યું હતું. ભુજ એરપોર્ટ પરથી શનિવારે (૧૨ જુલાઈ) એક વીડિયો સામે આવ્યો છે. જેમાં મુસાફરો દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, ભુજથી મુંબઈ જતી ફ્લાઈટે ૧૫ જેટલા મુસાફરોને લીધા વિના જ જતી રહી હતી. મુસાફરોનો દાવો છે કે, તેમણે એડવાન્સ ટિકિટ બુક કરાવી હતી અને ફ્લાઈટના સમય પહેલાં એરપોર્ટ પર હાજર હોવા છતાં ફ્લાઈટ તેમને મૂકીને જ જતી રહી. ક્રૂનું કહેવું હતું કે, ફ્લાઈટમાં જગ્યા નથી. જોકે, ત્યારબાદ એર ઈન્ડિયા દ્વારા કોઈ વૈકલ્પિક વ્યવસ્થા પણ કરવામાં નહતી આવી. વીડિયોમાં એક વ્યક્તિ એર ઈન્ડિયાના મહિલા અધિકારી સાથે વાત કરી રહ્યા છે, જેમાં મુસાફર કહે છે કે, મારા દીકરાની દોઢ વાગ્યાની અપોઈન્ટમેન્ટ હતી. ફ્લાઈટ અમને મૂકીને જતી રહી અને તમે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા પણ નથી કરી.

## છત્રપતિ શિવાજી મહારાજના ૧૨ કિલ્લા યુનેસ્કોની વિશ્વ ધરોહરની યાદીમાં સામેલ



છત્રપતિ શિવાજી મહારાજના ૧૨ કિલ્લાને યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, મરાઠી શાસકોની કિલ્લાબંધી પ્રણાલીનું પ્રતિનિધિત્વ કરનારા 'મરાઠી મિલિટ્રી લેંડસ્કેપ્સ'ને સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષિક, વૈજ્ઞાનિક તેમજ સાંસ્કૃતિક સંગઠન (યુનેસ્કો)ની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ કરનારા રાજ્ય માટે ગૌરવશાળી ક્ષણ છે.

## અમદાવાદ પ્લેન ક્રેશઃ વિમાનમાં ફ્યુલ સ્વિચ કેવી રીતે કામ કરે છે? જેના કટઓફના કારણે દુર્ઘટના સર્જાઈ

અમદાવાદ એરપોર્ટ પર બનેલી પ્લેન ક્રેશની ઘટનાએ સૌને હચમચાવી દીધા છે. પ્રાથમિક રિપોર્ટ્સ અનુસાર, આ દુર્ઘટના પાછળ વિમાનની ફ્યુલ સ્વિચનું કટઓફ હોવાનું કારણભૂત માનવામાં આવી રહ્યું છે. ત્યારે સવાલ એ થાય છે કે વિમાનમાં ફ્યુલ સ્વિચ કેવી રીતે કામ કરે છે અને તેના કટઓફ થવાથી આટલી મોટી દુર્ઘટના કેવી રીતે સર્જાઈ શકે? સામાન્ય રીતે, કોઈપણ વિમાનમાં ફ્યુઅલ સિસ્ટમ અત્યંત જટિલ અને સુરક્ષિત રીતે ડિઝાઈન કરવામાં આવે છે. પ્લેનમાં ફ્યુલ સ્વિચ અથવા ફ્યુલ કટ ઓફ વાલ્વ એ એવું સાધન છે જે વિમાનના એન્જિનમાં ઇંધણના પ્રવાહને નિયંત્રિત કરે છે. આ સ્વિચ સામાન્ય રીતે કોકપિટમાં પાયલટની પહોંચમાં હોય છે અને કટોકટીની સ્થિતિમાં અથવા એન્જિન બંધ કરવાની જરૂર હોય ત્યારે તેનો ઉપયોગ થાય છે. મોટાભાગના વિમાનોમાં ફ્યુલ સ્વિચ મેન્યુઅલી ઓપરેટ કરી શકાય છે. પાયલટ જરૂરિયાત મુજબ તેને ચાલુ કે બંધ કરી શકે છે. જ્યારે સ્વિચ 'ઓન' હોય, ત્યારે ઇંધણ ટાંકીમાંથી એન્જિન તરફ વહે છે, અને જ્યારે તે 'ઓફ' હોય, ત્યારે ઇંધણનો




પ્રવાહ બંધ થઈ જાય છે. કેટલાક આધુનિક વિમાનોમાં, ચોક્કસ પરિસ્થિતિઓમાં (જેમ કે એન્જિનમાં આગ લાગવી, સિસ્ટમ ફેલ થવી) ઇંધણનો પ્રવાહ આપોઆપ બંધ થઈ જાય તેવી સિસ્ટમ પણ હોય છે. આ એક સલામતી લક્ષણ છે જે ગંભીર નુકસાન અટકાવવામાં મદદ કરે છે. પાયલટ દ્વારા ભૂલથી ફ્યુલ સ્વિચ ઓફ થઈ ગઈ હોય તે શક્ય છે. ઉતરાણ અથવા ટેક-ઓફ જેવી જટિલ પરિસ્થિતિઓમાં પાયલટ પર ઘણું દબાણ હોય છે અને આવી ભૂલ થવાની શક્યતા નકારી શકાય નહીં. ફ્યુલ સ્વિચમાં જ કોઈ યાંત્રિક ખામી સર્જાઈ હોય અને તે આપોઆપ 'ઓફ' થઈ ગઈ હોય. વાલ્વ જામ થઈ ગયો હોય અથવા ઈલેક્ટ્રિકલ સિસ્ટમમાં ગરબડ થઈ હોય તેવું બની શકે છે. જ્યારે વિમાનના એન્જિનમાં ઇંધણનો પ્રવાહ અચાનક બંધ થઈ જાય છે, ત્યારે એન્જિન પાવર ગુમાવે છે. જો આ ઘટના જમીનની નજીક, ખાસ કરીને ટેક-ઓફ અથવા ઉતરાણ દરમિયાન બને, તો પાયલટને વિમાનને નિયંત્રિત કરવા અને સુરક્ષિત રીતે ઉતારવા માટે ખૂબ જ ઓછો સમય મળે છે, જે દુર્ઘટના તરફ દોરી શકે છે.

## વડોદરાના માણેજા-લક્ષ્મી નગર સોસાયટીમાં રસ્તા પર કોમર્શિયલ ગેરકાયદે બાંધકામથી કંટાળી સ્થાનિકોના દેખાવો

વડોદરા શહેરના માણેજા વિસ્તારમાં આવેલી અને ૪૦ વર્ષ જેટલી જૂની લક્ષ્મી નગર સોસાયટીના આંતરિક રસ્તે કોમર્શિયલ ગેરકાયદે બાંધકામ કરીને વેપાર ધંધો કરે છે. રોડ રસ્તા સાંકડા થઈ જતા આકસ્મિક દુર્ઘટના વેળાએ કોઈ વાહન સોસાયટીમાં આવી શકે એવી સ્થિતિ નથી. ઠેર ઠેર પાણી ભરાયેલા છે. પાણી અને અને પીએમઓ સુધી વારંવાર રજૂઆત કરી છે. પાલિકાના બે વર્ષથી વાયદા સાંભળીને સોસાયટીના રહીશોએ કંટાળીને જાહેર દેખાવો યોજ્યા હતા.

ઉલ્લેખનીય છે કે માણેજા વિસ્તારમાં લક્ષ્મીનગર સોસાયટી ૪૦થી વધુ વખત પહેલા બની છે. આ સોસાયટીમાં કેટલાક લોકો કોમર્શિયલ ગેરકાયદે બાંધકામ કરીને વેપાર ધંધો કરે છે. સોસાયટીમાં ઠેર ઠેર પાણી ભરાયેલા છે. મચ્છરજન્ય રોગચાળો ફેલાવવાની દહેશત છે. આ ઉપરાંત ઝેરી જીવજંતુ પણ નીકળવાના ભયથી સ્થાનિક રહીશો ફફડી રહ્યા છે.



## ૮માં પગાર પંચ : સરકારી કર્મચારીઓની લાગશે લોટરી? પગારમાં 30% વધારાની શક્યતા

દેશભરમાં કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકો ૮માં પગાર પંચની જાહેરાતની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આશા છે કે, હવે ટુંક સમયમાં કમિશન રચાશે, જેનો લગભગ ૧.૧ કરોડ લાભાર્થીઓને લાભ મળશે. સરકારી રિપોર્ટ પ્રમાણે ૨૦૨૬-૨૭ નાણાકીય વર્ષ ( હ્લરૂ૨૭)સુધી ૮માં પગાર પંચની ભલામણો લાગુ કરી શકાય છે. તેનો ઉદ્દેશ્ય માત્ર કર્મચારીઓની આવક વધારવાનો જ નહીં કરીને અર્થતંત્રને વેગ આપવાનો પણ છે.



# કચ્છ ઉત્તર ગુજરાતને જોડતો બનાસ નદી પરનો ૬૦ વર્ષ જૂનો બ્રિજ પડું પડું, ભારે વાહનો પર પ્રતિબંધ મૂકાયો



કચ્છ અને ઉત્તર ગુજરાતને જોડતો રાધનપુર મહેસાણા હાઈવે પર સમીના ગોચનાદ ગામ પાસેનો ૧૯૬૫માં બનેલો બ્રિજ છેલ્લા ઘણા સમયથી અતિ બિસ્માર હાલતમાં હોવાથી તંત્રની ઘોર બેદરકારીના કારણે પુલ ગમે ત્યારે તૂટી પડે તેવી સ્થિતિમાં છે. ત્યારે ગંભીર બ્રિજની દુર્ઘટના બાદ એકાએક જાગેલા મહેસાણા માર્ગ-મકાન વિભાગે બ્રિજને તાકિદે બંધ કરવા જાહેરનામું બહાર પાડ્યું છે. ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ ગાંધીનગરથી આદેશ છૂટતા રાજયના તમામ જિલ્લામાં આવેલા નાના-મોટા બ્રિજની સ્થિતિ ચકાસવા ટીમો કામે લાગી છે. ત્યારે પાટણ જિલ્લામાં પણ ૪૦ જેટલા પુલો આવેલા છે, તેની ચકાસણી માટે કે તપાસ માટે સ્થાનિક માર્ગ-મકાન વિભાગ મુહુર્તની રાહ જોઈ રહ્યું છે. સુત્રોના જણાવ્યા અનુસાર વહીવટીતંત્ર દ્વારા શુક્રવારે બેઠક બોલાવીને જિલ્લાના તમામ બ્રિજોનું નિરીક્ષણ કરવા સૂચના આપી હોવાનું જાણવા મળ્યું છે. રાધનપુર-મહેસાણા હાઈવે પર કચ્છ અને ઉત્તર ગુજરાતને જોડતો સમી તાલુકાના ગોચનાદ ગામ પાસે બનાસ નદી ઉપર ૧૯૬૫માં બનાવવામાં આવેલો ઓવરબ્રિજ જર્જરિત હાલતમાં છે. આ બ્રિજ ટોલ વગરનો હોવાથી દરરોજ હજારો વાહન પસાર થાય છે, જ્યારે આ બ્રિજમાં પોપડા પડવા લાગ્યા છે અને તેના સળિયા પણ દેખાવવા લાગ્યા છે. ગંભીરા બ્રિજની દુર્ઘટનામાં ૨૦ લોકોના મોત નીપજતાં આ વર્ષો જૂનો બ્રિજ ગમેત્યારે કડકભૂસ થવાની અને મોટી જાનહાનિ સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. જેથી તંત્ર દ્વારા સત્વરે આ બ્રિજના કારણે કોઈ મોટી દુર્ઘટના ના સર્જાય તે માટે બ્રિજનું સમારકામ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. કચ્છ અને ઉત્તર ગુજરાતને જોડતા મહેસાણા રાધનપુર હાઈવે પરના સમીના ગોચનાદ પાસે બનાસ નદી ઉપર ૧૯૬૫માં બનાવેલો બ્રિજ છેલ્લા ઘણાં સમયથી બિસ્માર હોવાથી દુર્ઘટનાની ભીતિ સેવાઈ રહી હતી. ત્યારે ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ એકાએક જાગેલા મહેસાણા માર્ગ મકાન વિભાગે ઘોડા છૂટી ગયા બાદ તબેલાને તાળાં સમાન શુક્રવારે જાહેરનામુ પ્રસિદ્ધ કરીને જર્જરિત બ્રિજ પર વાહનોની અવરજવર પ્રતિબંધ લાદી લેવામાં આવ્યો છે. આગામી સમયમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી તકેદારીના ભાગરૂપે ભારે વાહનોના ટ્રાફિકને પુલ ઉપરથી પ્રતિબંધિત કરી અન્ય માર્ગ પર ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. ભારે વાહનો માટે રાધનપુર-સીનાડ ઉણ-થરા-ટોટાણા-રોડા-વેજાવાડા બોતરવાડા-હારીજ ડાયવર્ઝન આપવામાં આવ્યું છે.

# હિટ કે ફ્લોપ? રાજકુમાર રાવનો ગેંગસ્ટર લૂક ફેન્સને કેટલો પસંદ આવ્યો, જાણો 'માલિક' ફિલ્મની કમાણી




રાજકુમાર રાવ, માનુષી છિલ્લર અને પ્રોસેનજીત ચેટર્જી સ્ટારર એક્શન થ્રિલર ફિલ્મ 'માલિક' ૧૧ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગઈ છે. ફિલ્મને લઈને દર્શકોનો મિશ્ર પ્રતિક્રિયા સામે આવી છે. કોઈને રાજ કુમારની એક્શન પસંદ આવી તો કોઈએ કહ્યું આ વન ટાઈમ વૉચ મૂવી છે. પણ બૉક્સ ઓફિસ પર ફિલ્મની શરૂઆત ઠીક-ઠાક રહી છે. બીજા દિવસના કલેક્શનથી અપેક્ષાઓ ઓછી થઈ ગઈ. ચાલો તમને સંપૂર્ણ બોક્સ ઓફિસ રિપોર્ટ જણાવીએ.ફિલ્મ 'માલિક'ને પુલકિતે ડિરેક્ટ કરી છે અને તેનું નિર્માણ કુમાર તૌરાની અને જય શવક્રમણીએ ટિપ્સ ઈન્ડસ્ટ્રીઝ અને નોર્દર્ન લાઈટ્સ ફિલ્મ્સના બેનર હેઠળ કર્યું છે. ફિલ્મ રિલીઝ થયાના પહેલા દિવસે ૩.૩૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. પરંતુ બીજા દિવસે ફિલ્મની કમાણીમાં ખાસ ઘટાડો જોવા મળ્યો. એક રિપોર્ટ મુજબ, ફિલ્મે બીજા દિવસે માત્ર ૦.૦૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું. એટલે કે અત્યાર સુધીની કુલ કમાણી ફક્ત ૩.૪૦ કરોડ રૂપિયા જ થઈ શકી છે.

જોકે આ આકડા હજુ ફાઈનલ નથી સાંજ સુધી આકડામાં ફેરબદલ થઈ શકે છે.

# શુભમન ગિલે વિરાટનો રેકોર્ડ તોડ્યો, બન્યો પ્રથમ ભારતીય કેપ્ટન, હવે રાહુલ દ્રવિડની સિદ્ધિ ટારગેટ



શુભમન ગિલ હાલમાં શાનદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. ભારતીય ટેસ્ટ ટીમની કમાન સંભાળ્યા બાદથી પંજાબના આ જમણા હાથના બેટ્સમેને ખૂબ રન બનાવ્યા છે. શરૂઆતની બે મેચોની ચાર ઈનિંગમાં કુલ ૫૮૫ રન બનાવ્યા બાદ ગિલે શુક્રવારે લોર્ડ્સ ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં ૧૬ રન બનાવીને ઈતિહાસ રચી દીધો છે. ગિલે ઈંગ્લેન્ડમાં રમાયેલી ટેસ્ટ સીરિઝમાં ભારતીય કેપ્ટન દ્વારા સૌથી વધુ રન બનાવવાનો વિરાટ કોહલીનો રેકોર્ડ તોડી નાખ્યો છે. વર્ષ ૨૦૧૮માં ભારતના ઈંગ્લેન્ડ પ્રવાસ પર કોહલીએ ભારત માટે તમામ પાંચ મેચ રમી હતી અને કુલ ૫૯૩ રન બનાવ્યા હતા. જોકે, શુભમન ગિલે લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગમાં ૯ રનનો આંકડો પાર કરીને કોહલીનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. તે હવે ઈંગ્લેન્ડમાં ટેસ્ટ સીરિઝમાં સૌથી વધુ રન બનાવનાર પ્રથમ ભારતીય કેપ્ટન બની ગયો છે. એટલું જ નહીં, હવે ગિલના ટાર્ગેટ પર રાહુલ દ્રવિડનો પણ રેકોર્ડ છે.

# મેઘાલયમાં સગીરા પર બળાત્કાર ગુજારનારા ત્રણ પુરુષોને ૨૦ વર્ષની કેદની સજા



શિલ્લોંગ,

મેઘાલયના પૂર્વ ખાસી હિલ્સ જિલ્લાની એક કોર્ટે ૨૦૧૩માં ૧૬ વર્ષની છોકરી પર બળાત્કાર કરવાના આરોપમાં ત્રણ પુરુષોને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ગુરુવારે સ્પેશિયલ જજ (ૐર્જી) એમકે લિંગડોહે દરેક દોષિતોને ૨૦ વર્ષની સખત કેદની સજા અને ?૫૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૨૦૧૩ ના આ કેસમાં રાજ રોય, આશિત ચંદા અને પ્રસેનજીત દાસને ×છોકરી પર વારંવાર જાતીય હુમલો× કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા હતા

છોકરીનાં પિતાએ ૨૦૧૩ માં શિલોંગના સદર પોલીસ સ્ટેશનમાં ક્ષ્ૈંઇ નોંધાવી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેમની પુત્રી પર જાતીય હુમલો કરવામાં આવ્યો છે, અને ત્યારબાદ પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી.કોર્ટે મેઘાલય રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, શિલોંગને છોકરીના પરિવારને વળતર તરીકે ?૩ લાખ ચૂકવવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

# મલેશિયા ૧૧ દેશોમાં દૈમ ઝૈનુદ્દીનની ૭૦૦ મિલિયન ડોલરની સંપત્તિ જપ્ત કરશે

તા. ૧૨

મલેશિયાની ભ્રષ્ટાચાર વિરોધી એજન્સી સ્વર્ગસ્થ ઉદ્યોગપતિ અને ભૂતપૂર્વ નાણામંત્રી દૈમ ઝૈનુદ્દીન, તેમના પરિવાર અને સહયોગીઓ સાથે જોડાયેલી ૩ અબજ રિંગિટ (ઇ૭૦૫ મિલિયન) થી વધુ મૂલ્યની સંપત્તિ જપ્ત અને જપ્ત કરવા માંગે છે. મલેશિયન ભ્રષ્ટાચાર વિરોધી પંચે અમેરિકા, યુકે, સ્વિટ્ઝર્લૅન્ડ, સિંગાપોર અને જાપાન સહિત ૧૧ દેશોમાં સંપત્તિઓની ઓળખ કરી.

ભૂતપૂર્વ વડા પ્રધાન મહાથિર મોહમ્મદની સરકારોમાં બે વાર નાણામંત્રી તરીકે સેવા આપી ચૂકેલા દૈમનું નવેમ્બરમાં અવસાન થયું. ૨૦૨૨ માં અનવર ઈબ્રાહિમ વડા પ્રધાન બન્યા પછી, સ્છઝ્રઝ્ર એ મહાથિર અને દૈમ બંને સામે ભ્રષ્ટાચારની તપાસ શરૂ કરી.

જાન્યુઆરી ૨૦૨૪ માં દૈમ અને તેમની પત્ની પર તપાસના ભાગ રૂપે તેમની સંપત્તિ જાહેર ન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તેઓએ દોષિત ન હોવાની કબૂલાત કરી હતી. અનવર ×ભૂતકાળના બદલા× ને અનુસરી રહ્યા છે, દૈમે તે સમયે એક નિવેદનમાં જણાવ્યું હતું. અનવરે આ વાતનો ઈનકાર કર્યો છે.

×સ્છઝ્રઝ્ર ભાર મૂકે છે કે આ ક્રિયાઓ રાષ્ટ્રીય સંપત્તિના સંચાલનમાં કોઈ ભ્રષ્ટાચાર, ગેરઉપયોગ અથવા સત્તાનો દુરુપયોગ ન થાય તેની ખાતરી કરવા માટે તેના મુખ્ય કાર્ય અને ફરજનો ભાગ છે,× એજન્સીએ શુક્રવારે નિવેદનમાં જણાવ્યું હતું. તેણે કહ્યું કે તે ×સ્વતંત્ર રીતે, પારદર્શક રીતે અને કાયદા અનુસાર, રાજકીય હસ્તક્ષેપ અથવા બાહ્ય પ્રભાવ વિના× તપાસ કરવા માટે પ્રતિબદ્ધ છે.

ભ્રષ્ટાચાર વિરોધી એજન્સીએ ૩ જૂને કુઆલાલંપુર હાઈકોર્ટ પાસેથી યુકેમાં સ્થિત સંપત્તિઓ પર પ્રતિબંધનો આદેશ મેળવી લીધો છે, જેની અંદાજિત કિંમત ૭૫૮ મિલિયન રિંગિટ છે. યુકે સત્તાવાળાઓ સાથે પરસ્પર કાનૂની સહાય માટેની વિનંતી એટર્ની જનરલ ચેમ્બર્સ દ્વારા પ્રક્રિયા કરવામાં આવી રહી છે,

# ટેસ્લા મુંબઈ શોરૂમનો પહેલો દેખાવ, ૧૫ જુલાઈના રોજ લોન્ચ થવા માટે તૈયાર છે

**મુંબઈ,**

**ઘણા બધા મીડિયા સૂત્રોના અહેવાલ મુજબ, એલોન મસ્કની ટેસ્લા ૧૫ જુલાઈના રોજ મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સમાં તેના પ્રથમ શોરૂમના લોન્ચ સાથે ભારતમાં તેનું ભૌતિક પદાર્પણ કરવા માટે તૈયાર છે. વર્ષોની અપેક્ષા અને વાટાઘાટો પછી આ લોન્ચ ઈલેક્ટ્રિક વાહન (ઈફ) જાયન્ટના ભારતીય બજારમાં ઔપચારિક પ્રવેશને ચિહ્નિત કરે છે. મુંબઈ સુવિધા, જેને "અનુભવ કેન્દ્ર" તરીકે વર્ણવવામાં આવી છે, તે દેશમાં ટેસ્લાનો પ્રથમ સત્તાવાર સ્ટોર હશે. મીડિયા સૂત્રોના અહેવાલ મુજબ, આ વર્ષે માર્ચમાં, કંપનીએ શોરૂમ માટે લીઝ ડીલ પર હસ્તાક્ષર કર્યા હતા, જે સ્થાનિક વેચાણ કામગીરી શરૂ કરવાની તેની યોજનાનો સંકેત આપે છે. આ સાથે, ટેસ્લાએ ભરતીમાં વધારો કર્યો છે અને મુંબઈ અને નવી દિલ્હી બંનેમાં શોરૂમ સ્થાનો માટે શોધ શરૂ કરી છે.**

# પમ્પ એન્ડ ડમ્પ કેસ : રોકાણકારોને નવડાવતા લેભાગુઓ સામે તપાસનો ગાળિયો કસતું સેબી




ખોખું કંપનીઓ(શેલ કંપનીઓ)ના શેરોના ભાવોને ચગાવીને ઊંચા ભાવે ભોળા રોકાણકારોના ગળામાં આવા શેરો પરોવી દઈ રફુચક્કર થનારી એટલે કે પમ્પ એન્ડ ડમ્પના ચક્રવ્યુહમાં ફસાવનારી ગેંગ સામે મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ તપાસ સઘન બનાવીને ગાળીયો કસ્યો હોવાનું જાણવા મળે છે. સેબીએ લેભાગુઓ સામેની તેની અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી પૈકી એક પમ્પ એન્ડ ડમ્પ મામલામાં ૨૦૦થી વધુ ખાનગી લિસ્ટેડ કંપનીઓ કે જેમાં કૃત્રિમ રીતે શેરોના ભાવો ચગાવવાની શંકાસ્પદ કામગીરીમાં સંડોવાયેલી સંસ્થાઓ સહિત પર ધ્યાન કેન્દ્રિત કરીને તપાસનો વ્યાપ વધાર્યો છે. ઉલ્લેખનીય છે કે, સેબીએ શેલ કંપનીઓના શંકાસ્પદ નેટવર્કની તપાસ તાજેતરમાં મોટાપાયે શરૂ કરી હતી. આ નેટવર્ક પૈકી ઘણા લેભાગુઓ અમદાવાદથી કાર્યરત હોવાનું અને કથિત રીતે સંકલિત સોશિયલ મીડિયા ઝુંબેશ અને ખોટા વર્ણનો દ્વારા શેરોના ભાવો ચગાવવા, મેનીપ્યુલેશનમાં સંડોવાયા હોવાનું જાણવા મળે છે. આ તપાસ સંબંધિત મળતી માહિતી મુજબ ડેટા મોટાપાયે મેળવાયા છે અને અનેક દરોડા દરમિયાન જપ્ત કરાયેલા ડિજિટલ ઉપકરણો, મોબાઈલ ડિવાઈસીઝ, કોમ્પ્યુટરોની વિગતવાર ફોરેન્સિક તપાસ થઈ રહી છે. આ બાબતથી પરિચિત લોકોના મતે સેબી હાલમાં અમદાવાદથી સંચાલિત બંધ થયેલી બીએસઈ કંપનીઓને પુનઃજીવિત કરવા અને હજારો રોકાણકારોને છેતરવા સહિત અને પમ્પ એન્ડ ડમ્પ સ્કિમોની તપાસ કરી રહ્યું છે.

# વિશ્વ બજારમાં ઉછાળાને પગલે ઘરઆંગણે ચાંદીમાં રૂપિયા ૧,૧૦,૦૦૦નો નવો વિક્રમ



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રોજેરોજ વિવિધ દેશો પર ટેરિફની કરાઈ રહેલી જાહેરાતને પરિણામે વૈશ્વિક ટ્રેડ વોર ભડકવાની ભીતિએ વિશ્વ બજારમાં સોનાચાંદીમાં ભાવ ઊંચકાયા હતા. એક તરફ ટ્રેડ વોર અને બીજી બાજુ ભૌગોલિકરાજકીય તાણને ધ્યાનમાં રાખી ફન્ડ હાઉસો ફરી સેફ હેવન તરીકે કિંમતી ધાતુ તરફ વળ્યા હતા. ટ્રેડ વોરને કારણે ડોલરમાં નબળાઈ જોવા મળી રહી છે.

વિશ્વબજારમાં ચાંદી ૧૩ વર્ષની ઊંચી સપાટીએ પહોંચી હતી. મહત્વની એવી ઔદ્યોગિક મેટલ કોપર પર ૫૦ ટકા ડયૂટી લાગુ કરવાની અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત બાદ હવે વિશ્વના કેટલા ક દેશો ચાંદીના વેપાર પર નિયમન લાવી દેશે તેવી ધારણાંએ વિશ્વ બજારમાં ચાંદી તેર વર્ષની ટોચે પહોંચી હતી.

જયારે ઘરઆંગણે ચાંદીમાં પ્રતિ કિલો રૂપિયા ૧,૧૦,૦૦૦થી વધુના ભાવ સાથે નવી ઓલટાઈમ હાઈ સપાટી જોવા મળી હતી.

ચાંદી એ કોપરનું બાય પ્રોડકટ હોય કોપરના ભાવમાં વધારો ચાંદીના ભાવને પણ ઊંચે લઈ જવાની ગણતરી મુકાઈ રહી છે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું